# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)
'જ્યોતિર્મય' પરિસર
શ્રી બાલાજી મંદિરની સામે, સરખેજ-ગાંધીનગર હાઈવે, છારોડી
અમદાવાદ-382481
ઈ-મેઈલ : feedback@baou.edu.in , Website : www.baou.edu.in


જા.નં. બાઆંઓયુ/નિયા/દ્વિતીય વર્ષ/129910-135070/2015 તા. 24/09/2015

**વિષય : બી.એ./બી.કોમના બીજા વર્ષમાં પ્રવેશ બાબત વર્ષ : ફેબ્રુઆરી-2016**

પ્રિય વિદ્યાર્થી ,

બી. એ./બી. કોમ.માં તમારો એક વર્ષનો અભ્યાસ પૂરો થયો છે. હવે બીજા વર્ષ માટેના વધુ 32 ક્રેડિટ પાઠયક્રમોની પસંદગી કરવાની છે. આપ પ્રથમ વર્ષની પરીક્ષામાં બેઠાં હોય કે ન બેઠાં હોય કે પછી આ પરીક્ષા પાસ કરી હોય કે ન કરી હોય પણ આપ આગળ અભ્યાસ કરવા માગો છો તો આ સાથે મોકલાવેલ નોંધણીપત્રક સંપૂર્ણ વિગતો, નિયત ફી સાથે પે-ઈન-સ્લીપ/સ્ટેટ બેંક કલેક્ટ દ્વારા સ્ટેટ બેંક ઑફ ઈન્ડિયાની શાખામાં અથવા પોસ્ટલ રિસીપ્ટ દ્વારા પોસ્ટ ઓફિસમાં ભરી તથા તેની સૂચના અનુસારની ઓરીજીનલ કોપી ફોર્મ સાથે જોડી, તેની વિગતોનો યોગ્ય ઉલ્લેખ પ્રવેશફોર્મમાં કર્યા બાદ સંપૂર્ણ ફોર્મ **તા.૩૧-૧૨-૨૦૧૫** સુધીમાં રૂબરૂમાં આપના કેન્દ્ર ખાતે જમા કરાવશો. નિયત સમયગાળા દરમ્યાન ફોર્મ જમા ન કરાવનારનું ફોર્મ સ્વીકારવામાં આવશે નહીં જેની નોંધ લેશો.

આપ જાણો છો તે મુજબ વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકીનો બુનિયાદી પાઠયક્રમ (FST-01) આપના માટે ફરિજયાત છે. ઉપરાંત આ વર્ષે આપે બીજા 24 ક્રેડિટના ઐચ્છિક પાઠયક્રમ પસંદ કરી કુલ 32 ક્રેડિટના પાઠયક્રમો માટે નોંધણી કરાવવાની છે. તે માટે નીચે આપેલ સમજૂતીને વાંચ્યા પછી "નોંધણી પત્રક" ભરશો.

## બી.એ.ના વિદ્યાર્થીઓ માટે

આપને સલાહ આપવામાં આવે છે કે આપે નીચે જણાવ્યા મુજબ જૂથ-3 અને જૂથ-4 પૈકી દરેકમાંથી 8ક્રેડિટનો એક એવા બે પાઠયક્રમ (16 ક્રેડિટ) પસંદ કરી બાકીના ક્રેડિટના પાઠયક્રમો જૂથ-1 અથવા જૂથ-2 માંથી પસંદ કરવાના રહેશે. જે પ્રથમ વર્ષ માં પસંદ કરેલ પાઠયક્રમો સિવાયના હોવા જોઈશે.

આપ નીચે જણાવેલ જૂથ-1 અને જૂથ-2 માં જણાવેલ પાઠયક્રમો પૈકીનો કોઈપણ એક પાઠયક્રમ પસંદ કરી શકશો (જે તમોએ અગાઉ પસંદ કરેલ ન હોય) આપે આ વર્ષે નીચે જણાવેલ જૂથ-1 અને જૂથ-2 પૈકી કોઈપણ એક જૂથમાંથી 8 ક્રેડિટ કરતા વધારે વિષયો પસંદ કરવા નહી.

**જૂથ-1**

| અનુક્રમ | વિષય | પાઠયક્રમ કોડ | પાઠયક્રમનું શીર્ષક | ક્રેડિટ |
|---|---|---|---|---|
| 1 | ગુજરાતી | EGT-01 | ગુજરાતીગદ્ય | 8 |
| 2 | હિન્દી | EHD-01 | હિન્દી ગદ્ય | 8 |
| 3 | અંગ્રેજી | EEG-01 | Language through Literature | 8 |
| 4 | અર્થશાસ્ત્ર | EEC-01 | અર્થશાસ્ત્રના મૂળભૂત ખ્યાલો | 8 |
| 5 | ઈતિહાસ | EHI-01 | આધુનિક ભારત : ૧૮૫૭-૬૪ | 8 |
| 6 | રાજયશાસ્ત્ર | EPS-01 | રાજકીય સિદ્ધાંતો અને સંસ્થાઓનો પરિચય | 8 |
| 7 | સમાજશાસ્ત્ર | ESO-01 | સમાજનો અભ્યાસ | 8 |
| 8 | જાહેર વહીવટ | EPA-01 | વહીવટ સિદ્ધાંત (જાહેર વહીવટ) | 8 |
| 9 | સંસ્કૃત | EST-01 | સંસ્કૃત પદ્ય, ગદ્ય, નાટક અને સ્રોત | 8 |